# Ujjivan Fin. IPO તા. ૨૮ એપ્રિલે ખુલી ૨ મે ના રોજ બંધ થશે
## પ્રાઈસબેન્ડ રૂ. ૨૦૭ થી ૨૧૦ નિર્ધારીત કરાઈ : લિસ્ટીંગ BSE-NSE ખાતે થશે

Ujjivan Fin. Services Ltd. તે ભારતીય માઈક્રો ફાયનાન્સ સર્વિસીસ કંપની છે. આ કંપની Collateral સ્મોલ ટિકેટ સાઈઝની લોન આર્થિક રીતે એક્ટીવ તેમજ ગરીબ મહિલાઓને લોન પુરી પાડે છે. આ કંપની ઉપરાંત માઈક્રો અને સ્મોલ એન્ટરપ્રાઈઝીસને વ્યક્તિગત લોન આપે છે. કંપની ગ્રાહકોની જરૂરિયાત અનુસાર ગ્રુપ લોન અને વ્યક્તિગત લોન ઓફર કરે છે. એગ્રીકલ્ચર, હોમ એમ્પ્રુવમેન્ટ, એજ્યુકેશન, હોમ પર્ચેઝ વિગેરેનો સમાવેશ થાય છે. કંપની લોન પ્રોડક્ટ ઉપરાંત નોન ક્રેડિટ પ્રોડક્ટસ જેવી કે, લાઈફ ઈન્સ્યુરન્સ પ્રોડક્ટ પ્રોવાઈડ કરે છે જેમાં Bajaj Allianz, Life Insurance, Kotak Mahindra Life, HDFC Life Insurance સાથે પાર્ટનરશીપ ધરાવે છે. Ujjivan Fin. હાલમાં ૨૪ રાજ્યોમાં તેમજ યુનિયન ટેરેટરીમાં, ભારતમાં ૨૦૯ ડિસ્ટ્રીક્ટ ૨.૭૭ મીલીયન એક્ટિવ ગ્રાહકો અને ૪૬૫૭ શાખાઓ તેમજ ૭૭૮૯ એમ્પ્લોઈઝ થકી કાય. ઓપરેસન્સ ઓફર કરી રહી છે. તે પ્રોફેશનલ મેનેજડ કંપની હોવાથી કોઈ (આઈડેન્ટીફીકેશન) ઓળખ ધરાવતા કોઈ પ્રમોટર્સ નથી કોઈ પ્રમોટર્સ ગ્રુપ પણ નથી. આ આઈપીઓનો ઉદ્દેશ ભવિષ્યમાં મુડીની જરૂરિયાતોને પુરી કરવા ફંડ એકત્રિત કરવાનો છે. આ આઈપીઓ ૨૮ એપ્રિલે ખુલી ૨ મે ના રોજ બંધ થશે. કંપની રૂ. ૧૦ ની ફેઈસવેલ્યુના ૨,૪૯,૬૮,૩૩૨ શેર્સ (રૂ. ૪૭૯.૨૧ કરોડ) ઓફર ફોર સેલ થકી ઓફર કરશે આમ ટોટલ ઈસ્યુ સાઈઝ ૪,૨૦,૨૩,૬૧૮ શેર્સ (૮૮૨.૫૦ કરોડ) થવા જાયછે. પ્રાઈસ બેન્ડ રૂ. ૨૦૭થી ૨૧૦ નિર્ધારીત કરવામાં આવેલ છે. ન્યુનત્તમ અરજી ૭૦ શેર્સની રહેશે. લિસ્ટીંગ BSE - NSE ખાતે થશે. IPOના લીડ મેનેજર Axis Capital, ICICI Sec., Kotak Mah., IIFL છે. રજીસ્ટ્રાર Karvy Computershares છે.

<u>નાણાંકીય કામગીરી</u>:- છેલ્લાં પાંચ નાણાંકીય વર્ષ દરમ્યાન AUM માં ૫૧ ટકાના CAGRથીઅને બિઝનેસમાં ૪૧ ટકાનો ગ્રોથ નોંધાવ્યો છે. કંપનીની ટોપ - બોટમ લાઈનમાં સ્થિરતાપૂર્વક વધારો થઈ રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩ માં કંપનીએ રૂ. ૨૩૩.૯૩ કરોડની આવક ઉપર રૂ. ૩૨.૮૪ કરોડનો, ૨૦૧૪માં રૂ. ૩૫૭.૬૬ કરોડની આવક ઉપર રૂ. ૫૮.૪૨ કરોડનો નેટ નફો અને ૨૦૧૫માં રૂ. ૬૧૧.૮૮ કરોડની આવક ઉપર રૂ. ૭૫.૭૯ કરોડનો નેટ નફો નોંધાવ્યો છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ માં પુરા થતા નવ મહિનામાં કંપનીએ ૭૨૯.૬૪ કરોડની આવક ઉપર રૂ. ૧૨૨.૩૧ કરોડનો નેટ નફો હાંસલ કર્યો છે.

## Ujjivan Fin. IPO ના સિક્કાની બીજી બાજુ....

## કંપનીના સેલિંગ શેરહોલ્ડર્સની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૨૩ છે
## નાણાંકીય વર્ષ ૨૦૧૫માં RONWમાં ઘટાડો નોંધાયો છે P/BV ૨.૫૩X
## આ શેર ૧૫ ના P/E મલ્ટીપલમાં ઓફર થઈ રહ્યો છે જે હરીફોની તુલનામાં સસ્તો છે
## આ આકર્ષક ઈસ્યુ છે અને રોકાણકારો મધ્યમથી લાંબાગાળા માટે અરજી કરી શકે છે

- કંપનીના સેલિંગ શેરહોલ્ડરની શેરદીઠ સરેરાશ પડતર રૂ. ૨૩ થી ૬૮.૩૨ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૫માં RONWમાં ઘટાડો નોંધાયો છે.
- P/BV રેશિયો ૨.૫૩ ટકા થવા જાય છે.

<u>નોંધ</u> :- જો કંપનીની પ્રથમ નવ મહિનાની કામગીરીને વાર્ષિક ધોરણે ગણતરીમાં લેવામાં આવે તો, ફુલ્લી ડાયલ્યુટેડ ઈક્વિટીના આધારે આ IPO અપર પ્રાઈસબેન્ડથી ૧૫ ના પીઈ મલ્ટીપલમાં ઓફર થઈ રહ્યો છે. જે અન્ય લિસ્ટેડ હરીફોની તુલનામાં ખુબ જ વ્યાજબી કહી શકાય.

<u>ભલામણ</u>:- માઈક્રો ફાયનાન્સ બિઝનેસમાં આ કંપનીનું સ્ટેટસ ધ્યાનમાં લેતાં તેમજ કંપનીનો સ્મોલ ફાયનાન્સ બેન્ક (SFB) માં થઈ રહેલ રૂપાંતરને પગલે આગામી વર્ષોમાં આ આઈપીઓમાં રોકાણ થકી સારૂં રીટર્ન મળી રહેશે. રોકાણકારો આ ઈસ્યુમાં મધ્યમથી લાંબાગાળા માટે રોકાણ કરી શકે છે.